ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કલેક્ટરની હાજરી છતાં 'રમત' રમાતી હોવાનો ગંભીર આરોપ

પોલીટેકનિક કેન્દ્ર પર તંત્રની બેદરકારી કે મિલીભગત? સીસીટીવી બંધ અને શંકાસ્પદ પેટીઓની એન્ટ્રી

પેટીઓ પકડાઈ, તેની સાથે રહેલા કર્મચારીઓ સ્થળ પર પેટીઓ મૂકીને ગાયબ થઈ ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરાના પોલીટેકનિક ખાતે આવેલી મતગણતરી કેન્દ્ર પર આજે ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મતપેટીઓ બદલવાના પ્રયાસો થઈ રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સાથે હંગામો કર્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મતગણતરીની પ્રક્રિયા પૂર્વે જ નવી નક્કોર મતપેટીઓ, નવા તાળા અને સીલ મારવાની સામગ્રી સાથે શંકાસ્પદ રીતે જઈ રહેલા કર્મચારીઓને કાર્યકરોએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ઘટના અંગે વિગતવાર માહિતી આપતા સ્થાનિક નેતાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર પર સીસીટીવી કેમેરા કાર્યરત ન હોવાની જાણ થતા તેઓ તપાસ માટે આવ્યા હતા. આ દરમિયાન તેમની નજર બે થી ત્રણ પેટીઓ અંદર લઈ જઈ રહેલા કર્મચારીઓ પર પડી હતી. જ્યારે આ કર્મચારીઓને અટકાવીને પૂછપરછ કરવામાં આવી અને પેટીની તપાસ કરવામાં આવી, ત્યારે તેમાંથી નવા તાળા અને સીલ મારવાની સામગ્રી મળી આવી હતી. ચોંકાવનારી બાબત એ છે કે, જેવી આ પેટીઓ પકડાઈ, તેની સાથે રહેલા કર્મચારીઓ સ્થળ પર પેટીઓ મૂકીને ગાયબ થઈ ગયા હતા, જેના કારણે શંકા વધુ દ્રઢ બની હતી. આક્ષેપ કરવામાં આવ્યો છે કે, જે બૂથ પર લઘુમતી મતોનું પ્રમાણ વધારે છે અને જ્યાં કોંગ્રેસ તરફી મતદાન થવાની પૂરેપૂરી શક્યતા છે, તેવા વોર્ડ નંબર 15 ના સંવેદનશીલ બૂથોની મતપેટીઓ બદલવાનું આ કાવતરું હોઈ શકે છે.

નવરચના સ્કૂલને કોલકાતામાં રાષ્ટ્રીય સ્તરે "મોસ્ટ પ્રોમિસિંગ આઈડિયા એવોર્ડ" મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

અર્ણવ સેઠી, આંશી શેઠ, ઓમ પાટીલ અને તન્વી ઉપાધ્યાસ્તા નવરચના સ્કૂલ, સમા ટીમના સભ્યો છે, જેમણે 24-25 એપ્રિલે યોજાયેલી ઓલ-ઈન્ડિયા ઈન્ટર-સ્કૂલ કેસ સ્ટડી સ્પર્ધા 2026માં "મોસ્ટ પ્રોમિસિંગ આઈડિયા એવોર્ડ" જીત્યો છે. આ સ્પર્ધાનું આયોજન કોલકાતામાં જી.ડી. બિરલા સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા, ગુરુગ્રામની બીએમયુ મુન્જાલ યુનિવર્સિટી સાથે સહયોગમાં કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં સમસ્યાનો વિશ્લેષણ, વ્યાપક સંશોધન, નવા વિચારો અને મુશ્કેલીઓના ઉકેલનો સમાવેશ થયો હતો. નવરચના ટીમ, જે ગુજરાતમાંથી એકમાત્ર ટીમ હતી, દેશભરની 50 ટીમો સાથે સ્પર્ધા કરી અને આ જીત સાથે તે "હીરોઝ ઓફ ટુમોરો" ફાઈનલ રાઉન્ડ માટે પસંદ થયેલી પાંચ ટીમોમાં સ્થાન મેળવ્યું છે. આ ફાઈનલ રાઉન્ડ વર્ષના અંતમાં બીએમયુ મુન્જાલ યુનિવર્સિટીમાં યોજાશે. ટીમને શાળાની વરિષ્ઠ શિક્ષિકા શૈલજા નાયર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નવરચના સ્કૂલ દ્વારા આપવામાં આવેલા શૈક્ષણિક અનુભવોએ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સાથે સ્પર્ધા કરવા અને પોતાની ઓળખ બનાવવાની જરૂરી આત્મવિશ્વાસ અને બુદ્ધિ શક્તિ આપી છે.

આરપીએફ દ્વારા જનજાગૃતિ માટે એક અનોખો પ્રયાસ

યમરાજ અને ચિત્રગુપ્તે લોકોને રેલવે પ્લેટફોર્મ પર સાવચેતી રાખવા આપી સમજ

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને અકસ્માતોથી બચાવવા અને રેલ્વે નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવાનો હતો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.28

રેલવે સ્ટેશન પર ટ્રેનમાં ચડતી-ઉતરતી વખતે, પાટા પાર કરતી વખતે અને પ્લેટફોર્મ પર ઉભા રહેતી વખતે કઈ રીતે સાવચેતી રાખવી તેની સમજ આપવા રેલ્વે પોલીસ ફોર્સ દ્વારા નાટ્યાત્મક રીતે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

વડોદરા શહેરમાં જનજાગૃતિ માટે એક અનોખો પ્રયાસ જોવા મળ્યો છે. વડોદરા રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પર રેલ્વે પોલીસ ફોર્સ દ્વારા ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલાકારો સતીશ મિશ્રા અને મનીષ મિશ્રાએ યમરાજ અને તેના દૂતના વેશમાં લોકોને રેલ્વે સુરક્ષા અંગે જાગૃત કર્યા હતા. તેમણે રસપ્રદ અને નાટ્યાત્મક અંદાજમાં મુસાફરોને સમજાવ્યું કે ટ્રેનમાં ચડતી-ઉતરતી વખતે, પાટા પાર કરતી વખતે અને પ્લેટફોર્મ પર ઉભા રહેતી વખતે કઈ રીતે સાવચેતી રાખવી જરૂરી છે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ લોકોને અકસ્માતોથી બચાવવા અને રેલ્વે નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવાનો હતો. આ અનોખા અભિયાનને મુસાફરો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો અને ઘણા લોકોએ આ પહેલને વખાણી હતી. રેલ્વે પોલીસ દ્વારા આવનારા સમયમાં પણ આવા જાગૃતિ કાર્યક્રમો યોજવાની માહિતી આપવામાં આવી છે.

આ પ્રસંગે યોગેશ્વરજી મહોદય, દ્રુમિલકુમારજી મહોદય તેમજ વ્રજરાજકુમાર મહોદય ઉપસ્થિત રહ્યા હતા

વૈષ્ણવાચાર્ય વાકપતિ પીઠાધીશ મથુરેશ્વરજી મહારાજનો અગ્નિ સંસ્કાર સંપન્ન થયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

મોટી સંખ્યામાં વૈષ્ણવો દ્વારા અંતિમ દર્શન કરવામાં આવ્યા હતા અને આશ્રુભીની વિદાય આપવામાં આવી હતી શ્મશાન યાત્રામાં પણ વિશાળ સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિ અને ભાવનાથી ભરપૂર બન્યું હતું.

મથુરેશ્વરજી મહારાજનો જીવનપ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે। સમસ્ત વલ્લભકુલ પરિવારમાંથી પ્રથમ પેહલ કરીને તેમણે વિદેશમાં પુષ્ટિમાર્ગનો ધ્વજ લહેરાવવાનો ઐતિહાસિક પ્રારંભ કર્યો હતો.

અંદાજે ૪૦ વર્ષ પહેલાં અમેરિકાની ધરતી પર હ્યુસ્ટન અને ન્યુયોર્ક ખાતે બે હવેલીના નિર્માણ દ્વારા તેમણે પુષ્ટિમાર્ગને વૈશ્વિક સ્તરે સ્થાપિત કર્યો હતો. તેમણે અસંખ્ય વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપી અને વિશ્વના લગભગ ૫૦ દેશોમાં ધર્મધ્વજ લહેરાવવાનો પાયો નાખ્યો હતો। તેઓ એવા પ્રથમ વૈષ્ણવાચાર્ય રહ્યા જેમણે વૈશ્વિક સ્તરે પુષ્ટિ પરંપરાનો પ્રસાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ગુજરાત સહિત વિદર્ભ, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ તેમણે વ્યાપક પ્રવાસ કરીને અનેક મંદિરોની સ્થાપના કરી હતી અને વૈષ્ણવ સમાજને સંગઠિત કરવાનો મહાન પ્રયાસ કર્યો હતો.

દક્ષિણ ભારતમાં ચેન્નઈ ખાતે લગભગ ૩૦ વર્ષ પહેલાં વિશાળ વૈષ્ણવ કોલેજની સ્થાપના કરીને શિક્ષણ ક્ષેત્રે અનોખું યોગદાન આપ્યું હતું, જ્યાં આજે આશરે ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે। તેમ જ તિરુપતિ ખાતે ભવ્ય "દક્ષિણ શ્રીનાથ ધામ" ની સ્થાપના કરી છે તેમજ તિરુમલા ખાતે ભવ્ય શ્રી મહાપ્રભુજીની બેઠકજી અને રામેશ્વર ખાતે સુંદર શ્રી મહાપ્રભુજીની બેઠકજીનું નિર્માણ પણ અધ્યક્ષતા હેઠળ કરવામાં આવ્યું છે. તેમના નિધનથી વૈષ્ણવ સમાજે એક મહાન માર્ગદર્શક, પ્રેરણાસ્ત્રોત અને આધ્યાત્મિક નેત્તૃત્વ ને ગુમાવ્યા છે। તેમના દર્શાવેલા માર્ગ પર ચાલીને જ સાચી શ્રદ્ધાંજલિ અર્પણ થઈ શકે છે.

તબીબી ક્ષેત્રે આવશે નવી ક્રાંતિ

SSGમાં આધુનિક 'એરોસ્કેન સીડી એલિટ' અલ્ટ્રાસાઉન્ડ સેવાનું લોકાર્પણ

દર્દીઓની પીડા મુક્તિ અને ઝડપી રિકવરી માટે હોસ્પિટલનું એક અત્યાધુનિક કદમ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરની SSG હોસ્પિટલ હંમેશાથી દર્દીઓને શ્રેષ્ઠ અને આધુનિક આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે જાણીતી છે. આ પરંપરાને આગળ ધપાવતા, હોસ્પિટલના ઓર્થોપેડિક ઓપરેશન થિયેટરમાં વધુ એક આધુનિક સુવિધાનો ઉમેરો કરવામાં આવ્યો છે. 'સ્કોટ પુનાવાલા' દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) અંતર્ગત અર્પણ કરવામાં આવેલ અત્યાધુનિક 'એરોસ્કેન સીડી એલિટ' અલ્ટ્રાસાઉન્ડ મશીનનું આજે લોકાર્પણ આવતી કાલે મંગળવારે સવારે 11 વાગે કરવામાં આવશે. આજના આધુનિક તબીબી યુગમાં, પેરીઓપરેટિવ કેર દરમિયાન અલ્ટ્રાસાઉન્ડ એક અનિવાર્ય સાધન બની ગયું છે. ખાસ કરીને ઓર્થોપેડિક સર્જરીઓમાં, જ્યાં દરેક મિલીમીટરનું મહત્વ હોય છે, ત્યાં 'એરોસ્કેન સીડી એલિટ' સિસ્ટમ સર્જનો અને એનેસ્થેસિયોલોજિસ્ટ્સ માટે એક શક્તિશાળી સાથી સાબિત થશે. આ મશીન આવવાથી દર્દીઓને સીધો અને મોટો ફાયદો થશે. જેમ કે એનેસ્થેસિયોલોજિસ્ટ્સ હવે અલ્ટ્રાસાઉન્ડ-ગાઈડેડ પ્રાદેશિક એનેસ્થેસિયા અને નર્વ બ્લોક્સનો ઉપયોગ કરીને ખભા, થાપા, ઘૂંટણ અને પગની જટિલ સર્જરી દરમિયાન પીડાને વધુ સારી રીતે નિયંત્રિત કરી શકશે.

ગોરવામાં મહિલાના પિયરીયાઓનો ઘરમાં ઘુસી જમાઈ પર લાકડીથી હુમલો

પુત્રને મૂકીને ગયેલી પત્નીને ટોકતા દંપતી વચ્ચે થયેલા ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

ગોરવા વિસ્તારમાં આવેલ રહેમત પાર્કમાં રહેતા અને મધુનગર નજીક "ડાયમંડ ફૂટવેર" નામની દુકાન ચલાવતા મોહમ્મદ આમીરખાને નોધાવેલી ફરિયાદ મુજબ, મોહમ્મદ આમીરખાનના લગ્ન જુલાઈ 2024માં યુ.પી. ખાતે રહેતી અદીબા સાથે થયા હતા અને દંપતીને નવ મહિનાનો દીકરો છે. બનાવના દિવસે બપોરે તેમની પત્ની બાળકને ઘરે એકલો મૂકી કોઈને જાણ કર્યા વગર બહાર નીકળી ગઈ હતી.

બાદમાં પરત ફરતા પતિએ આ બાબતે પૂછપરછ કરતાં બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી બાદ પત્ની પોતાના સંબંધીઓના ઘરે જતી રહી હતી. થોડીવારમાં પત્નીના સંબંધીઓ ઈમરાનખાન, તેના ભાઈઓ જીશાન અને ફૈઝાન તેમજ પત્નીનો ભાઈ સબ્બુ મોહમ્મદ આમીરખાનના ઘરે આવી પહોંચ્યા હતા. ફરિયાદ અનુસાર, ચારેયએ ઘરમાં ઘુસી ગાળો આપી ઝઘડો કર્યો અને લાકડી વડે પીઠના ભાગે માર મારતા ઈજા પહોંચાડી હતી. હુમલાની ચીસો સાંભળી પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવતા જમાઈને છોડાવી ઈજાગ્રસ્ત મોહમ્મદ આમીરખાનને તાત્કાલિક સારવાર માટે ગોત્રી જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે પીડિતે ચારેય આરોપીઓ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પોક્સો કેસમાં ફરાર આરોપીને માંજલપુર પોલીસે ઝડપી પાડ્યો

વડોદરા : વડોદરા શહેરના માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સો જેવા ગંભીર ગુનામાં લાંબા સમયથી ફરાર રહેલા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. ચોક્કસ માહિતીના આધારે પંચમહાલ જિલ્લામાં રેડ કરી આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજરીયા, ઝોન-૩ ના ડીસીપી અભિશેક ગુપ્તા, એફ ડિવિઝનના એસીપી પ્રણવ કટારિયા તથા માંજલપુર પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જી. પટેલના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તા. 25 એપ્રિલના રોજ માંજલપુર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના અ.હે. કો. સિદ્ધરાજસિંહ ગંભીરસિંહને ચોક્કસ માહિતી મળી હતી કે પોક્સો ના ગુનાનો વૉન્ટેડ આરોપી વિક્રમ નાના બારિયા પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના સગરાળા ગામમાં છુપાયો છે. માહિતીના આધારે પોલીસ ટીમ તાત્કાલિક સગરાળા ગામે મોકલવામાં આવ્યા હતા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૩૦.૦૧.૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મનહરભાઈ સોલંકી ૨. રેખાબેન સોલંકી** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૩,૫૪,૫૦૧.૬૮/– (અંકેત્રણ લાખ ચોપ્પન હજાર પાચસો એક અને અડસઠ પૈસા પુરા) તા.૨૩.૦૧.૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૩મી એપ્રીલ ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૩,૫૪,૫૦૧.૬૮/– (અંકેત્રણ લાખ ચોપ્પન હજાર પાચસો એક અને અડસઠ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતુ ગામતળનું ઘર નં. ૨૧, આશરે માપ ૧૨૭૫ ચો.ફૂટ (૮૫ ફૂટ ઠ ૧૫ ફૂટ) મુ. મોજે લટવા દેસરા તાલુકા હેઠળ જી.વડોદરા, ગુજરાત–૩૯૧૫૩૦ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પૂર્વે** : વાડો, **ઉત્તરે** : મોહનભાઈ દલપતભાઈ સોલંકી નુ ઘર, **પશ્ચિમે** : રોડ, **દક્ષિણે** : મંગલભાઈ કાભાભાઈ સોલંકી નું ઘર આવેલ છે

તારીખ : ૨૩–૦૪–૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૮૨૫૨૮૫૯૬ અને ૩૨૨૨૪૨૦૫૦

સહિ/– અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી

મધ્ય ગુજરાતના વેપારીઓ માટે વિવિધ કાર્યક્રમો યોજાશે

વડોદરામાં બિઝનેસ અને નેટવર્કિંગનો મોટો કાર્યક્રમ 'કોલોસિયમ 2026' યોજાશે

'ગિવર્સ ગેઈન' ના સિદ્ધાંત સાથે બિઝનેસ વૃદ્ધિનો નવો અધ્યાય શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

BNI દ્વારા આગામી 2 અને 3 મે, 2026 ના રોજ મધ્ય ગુજરાતના આંગણે વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ 'BNI Colosseum 2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય આ બિઝનેસ અને લીડરશિપ કોન્ફરન્સમાં ગુજરાતભરમાંથી 1,000 થી વધુ પ્રતિનિધિઓ હાજરી આપે તેવી શક્યતા છે. BNI એ વિશ્વની સૌથી મોટી બિઝનેસ નેટવર્કિંગ સંસ્થા છે, જે 'Givers Gain' ના સિદ્ધાંત પર કાર્ય કરે છે. આ ઈવેન્ટનો મુખ્ય હેતુ ઉદ્યોગસાહસિકો, પ્રોફેશનલ્સ અને ઈન્ડસ્ટ્રી લીડર્સને એક મંચ પર લાવી સહયોગ અને લાંબાગાળાની વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે. કોન્ફરન્સના પ્રથમ દિવસે બિઝનેસ નેટવર્કિંગ અને કી-નોટ સેશન્સ યોજાશે, જ્યારે બીજા દિવસે સન્માન અને સમુદાય ઉજવણીના કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. આ વર્ષે Colosseum 2026 માં HK ગ્રુપ ના ફાઉન્ડર સવજીભાઈ ધોળકિયા મુખ્ય આકર્ષણ રહેશે, જેઓ મૂલ્ય-આધારિત લીડરશિપ પર સંબોધન કરશે. આ ઉપરાંત, ઝોહો કોર્પોરેશનના ડાયરેક્ટર રાજેન્દ્ર દંડપાણી વિશિષ્ટ વક્તા તરીકે હાજર રહી સિસ્ટમ્સ અને વ્યૂહાત્મક વિચારસરણી દ્વારા બિઝનેસ વૃદ્ધિ પર માર્ગદર્શન આપશે. BNI ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કલ્પેશ શાહ જણાવ્યું હતું કે, Colosseum એ મધ્ય ગુજરાતના બિઝનેસ સમુદાયની ક્ષમતાનું પ્રતિનિધિત્વ કરે છે.

કર્ણાવતી એક્સપ્રેસ માટે કામચલાઉ ટર્મિનલ ફેરફારનો સમયગાળો લંબાવ્યો

વંદે ભારત એક્સપ્રેસ 28 એપ્રિલથી 20 કોચ રેક સાથે કાયમી ધોરણે કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. 22961/22962 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ અને ટ્રેન નં. 12933/12934 વટવા/અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસમાં કાર્યરત ફેરફારો ચાલુ રાખવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવે દ્વારા જણાવ્યા અનુસાર, ટ્રેન નં. 22961/22962 વંદે ભારત એક્સપ્રેસમાં 16 કોચથી 20 કોચનો કામચલાઉ વધારો, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો, તે હવે 28 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થયા પછી કાયમી કરવામાં આવશે. ચાર કોચમાં ત્રણ ચેર કાર કોચ અને એક એક્ઝિક્યુટિવ ક્લાસ કોચનો સમાવેશ થાય છે. વધુમાં માહિતી આપી હતી કે ટ્રેન નં. 12933/12934 કર્ણાવતી એક્સપ્રેસના ટર્મિનલમાં કામચલાઉ ફેરફાર, જે અગાઉ 27 એપ્રિલના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી સૂચિત કરવામાં આવ્યો હતો,

તે હવે 31 જુલાઈના રોજ મુસાફરી શરૂ થાય ત્યાં સુધી ચાલુ રહેશે. તે મુજબ, આ સમયગાળા દરમિયાન, ટ્રેન મુંબઈ સેન્ટ્રલને બદલે બાંદ્રા ટર્મિનસથી ઉપડશે/ઉપડશે. ટ્રેન નં. 12933 બાંદ્રા ટર્મિનસ-વટવા કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસથી બપોરે 1:55 વાગ્યે ઉપડશે, જ્યારે ટ્રેન નં. 12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ કર્ણાવતી એક્સપ્રેસ બાંદ્રા ટર્મિનસ ખાતે બપોરે 1:30 વાગ્યે

વડોદરામાં આર્ટ ઓફ લિવિંગ દ્વારા 'અનસંગ એવરીડે હીરોઝ' એવોર્ડથી નિ:સ્વાર્થ સેવા કરનાર વ્યક્તિઓને ગૌરવભેર સન્માન

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા મુખ્ય કેન્દ્ર ખાતે 'એવરીડે અનસંગ હીરોઝ એવોર્ડ્સ' નું ભવ્ય આયોજન આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના ૭૦મા જન્મદિવસ અને સંસ્થાના ૪૫ વર્ષના સેવાયજ્ઞની ઉજવણીના ભાગરૂપે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. મણિક મૃગેશ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ હિન્દી ભાષાવિજ્ઞાનના પ્રતિષ્ઠિત વિદ્વાન અને રાજભાષા ક્ષેત્રના જાણીતા વ્યક્તિત્વ છે, જેમણે હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં નિ:સ્વાર્થ રીતે કાર્ય કરી સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવનાર ગ્રાસરૂટ્સ પરિવર્તનકારોને સન્માનિત કરવામાં આવ્યા. યુથ લીડરશીપ, સ્પોર્ટ્સ એક્સેલન્સ તથા બિઝનેસ અને ફિલાન્થ્રોપી (પરોપકાર) આવી ૩ શ્રેણીમાં પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા જેમાં નીચે મુજબના વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા હતા.

યુથ લીડરશિપ એવૉર્ડ

જયરાજસિંહ ચાવડા | વડોદરાના ૧૯ વર્ષીય યુવા વિદ્યાર્થી, શાળાઓમાં સત્રો દ્વારા વિદ્યાર્થીઓને Atal Innovation Mission સાથે જોડવા પ્રેરણા આપે છે તેમજ ન્યુટ્રિશિયન સંશોધનમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના પ્રયત્નોથી યુવાનોમાં નવીનતા અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે છે અને તેઓ યુવા શક્તિને સકારાત્મક પરિવર્તન તરફ દોરી રહ્યા છે. યુથ લીડરશિપ એવોર્ડ:

મિથિલેશ પટેલ | વડોદરાના અનુભવી ઇનોવેટર, છેલ્લા ૨૨ વર્ષથી ટેકનોલોજી આધારિત નવીનતાઓ દ્વારા સમાજને લાભ પહોંચાડી રહ્યા છે. ૧૦૦થી વધારે પેટન્ટ અને પ્રોજેક્ટ્સ દ્વારા તેમણે સ્ટાર્ટઅપ્સ અને યુવાનોને માર્ગદર્શન આપ્યું છે, જે રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. બિઝનેસ & ફિલાન્થ્રોપી એવોર્ડ:

નિશા કુમારી | વડોદરાની એડવેન્ચર સ્પોર્ટ્સ એથ્લીટ અને માઉન્ટ એવરેસ્ટ સર કરનાર, "Change Before Climate Change" અભિયાન દ્વારા પર્યાવરણ જાગૃતિ ફેલાવે છે. વડોદરા થી લંડન સુધીની સાયકલ યાત્રા સહિત તેમના અભિયાનો દ્વારા તેમણે અનોખી સિદ્ધિઓ હાંસલ કરી છે અને યુવાનોને પ્રેરણા આપે છે. સ્પોર્ટ્સ એક્સેલન્સ એવોર્ડ:

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. ૮૦૨, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૬૯
ગોધરા શાખાઃ શોપ નં. ૩, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.
સામાન્ય જનતાને અને ખાસ કરીને લોનધારક(કો) અને જામીનદાર(ઓ)ને આથી નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત જે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા કબજામાં લેવામાં આવી છે, તેને "જેમ છે તેમ", "જ્યાં છે ત્યાં", અને "જે કંઈ પણ છે"ના ધોરણે કોઈપણ જાણીતા બોજા વગર વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

ક્રમ	લોનધારક(કો) / સહ-લોનધારક(કો) / જામીનદાર(ઓ)	માંગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (RP)	(EMD) (RP ના ૧૦%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. ૧૭૬૧૦૦૦૦૧૮૫ / ગોધરા શાખા) કિરણસિંહ બલવંતસિંહ ખેર (લોનધારક) વર્ષાબેન કિરણસિંહ ખેર (સહ-લોનધારક)	11-08-2025 & ₹ 3,62,790/-	મિલકતનો તમામ હિસ્સો અને ભાગ, ગ્રાઉન્ડ ફ્લોર (G.F) અને પ્રથમ માળ (F.F), મકાન નંઃ ૪૧, મંદિર વાળું ફળિયું, અડાદરા થી દંતોલ રોડ, દંતોલ, પંચમહાલ, ગુજરાત ૩૮૯૩૪૧. સીમાઓઃ પૂર્વઃ વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહનું મકાન પશ્ચિમઃ જીવતસિંહ ભરતસિંહનું મકાન ઉત્તરઃ ખુલ્લી જમીન દક્ષિણઃ જાહેર RRC રોડ	Rs. 5,43,000/-	Rs. 54,300/-	ભૌતિક

૧. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)નો ડિમાન્ડ ડ્રાફ્ટ (DD), KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સબમિટ કરવાની છેલ્લી તારીખ ૦૧-૦૬-૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ નકારી કાઢવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૨. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (લેલાણ તારીખ) ૦૨-૦૬-૨૦૨૬ના રોજ https://bankeauctions.com પર બપોરે ૩:૦૦થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી છે.
૩. ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જેમ છે તેમ', 'જ્યાં છે ત્યાં' અને 'જે કંઈ પણ છે'ના ધોરણે કરવામાં આવશે.
૪. ડિમાન્ડ ડ્રાફ્ટ ફક્ત 'Aadhar Housing Finance Limited'ના પક્ષમાં હોવો જોઈએ.
૫. હરાજી/બિડિંગ ફક્ત https://bankeauctions.com વેબસાઇટ દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા જ થશે. બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઇટ તપાસી લે.
૬. ઇચ્છુક બિડર્સે સર્વિસ પ્રોવાઈડર M/s C 1 INDIA PVT LTDના પોર્ટલ https://bankeauctions.com/registration/signup પર તેમના નામ રજીસ્ટર કરવા જોઈએ અને તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવો જોઈએ. સંભવિત બિડર સર્વિસ પ્રોવાઈડર M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઇટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
૭. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્કઃ ૯૯૧૩૩૩૩૨૧૪) અથવા સર્વિસ પ્રોવાઈડર M/s C1 INDIA PVT LTD, મિસ્ટર પ્રભાકરન, મોબાઈલ નંઃ +૯૧-૭૪૧૮૨-૮૧૭૦૯, ઇ-મેઇલઃ tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +૯૧૭૨૯૧૯૮૧૧૨૪ /૨૫ /૨૬ પર સંપર્ક કરો. આજની તારીખે, AHFL/AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો વેચવા, હસ્તાંતરિત કરવા અને/અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ આદેશ અને/અથવા કોર્ટનો મનાઈહુકમ નથી.
૮. વેચાણની વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણદારની વેબસાઇટ એટલે કે www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.
૯. હરાજી માટે બિડમાં વધારો કરવાની રકમ રૂ. ૧૦,૦૦૦/- છે.
૧૦. આ અખબારી પ્રકાશન અને તેમાં રહેલો ડેટા સામાન્ય જનતાના પ્રસાર માટે છે. આ સામગ્રીનું કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન, સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ રીતે, પછી તે પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઇ-મેઇલ અથવા વેબ પ્રકાશન હોય, અથવા અન્યથા કોઈપણ રીતે સખત રીતે પ્રતિબંધિત છે. કોઈપણ રીતે ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ ૨૮-૦૪-૨૦૨૬

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ